# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC 'A' (3.02) State University

યુનિવર્સિટી રોડ, પો. બો. નં.–૨૧, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

ફોન : ૨૨૨૭૪૫, ૨૩૦૫૨૯, ૨૩૦૭૪૩, ૨૩૩૬૪૮ ફેકસ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


**અગત્યનું / સમયમર્યાદા**

**પરિપત્ર ક્રમાંક : ૧૦૩ / ૨૦૧૮**

સને : ૨૦૧૮–૨૦૧૯ માં આ યુનિવર્સિટી દ્વારા લેવાનાર વિવિધ પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો / પરીક્ષકોની પેનલો તૈયાર કરવા માટે અધિનિયમની કલમ–૫૬ અન્વયે રચાનાર સમિતિઓની સભાઓમાં રજુ કરવા માટે માન. કુલપતિશ્રીના આદેશાનુસાર, અધ્યાપકોના ક્રેડીટ ગુણ દર્શાવતી મેરીટ યાદીઓ નવેસરથી તૈયાર કરવાની થાય છે.

આ સાથે અધ્યાપકોએ પોતાની માહિતી ભરવા માટેના નિયત નમૂના તથા ક્રેડીટ ગુણની ગણતરી માટેનાં ધોરણોની નકલ સામેલ છે. આ પરિપત્ર તથા બિડાણો યુનિવર્સિટીની વેબસાઈટ **www.ngu.ac.in** પર પણ અપલોડ કરવામાં આવેલ છે. જે તે સંસ્થાના વડાશ્રી / આચાર્યશ્રીએ પોતાની કોલેજના યુનિવર્સિટી અને / અથવા સંબંધિત પરિષદ (કાઉન્સિલ) ની માન્યતા ધરાવતા તમામ અધ્યાપકોની સંખ્યા પ્રમાણે માહિતી પત્રકના નિયત નમૂનાની નકલો કરાવી, જે તે તમામ અધ્યાપકો પાસે સંપૂર્ણ માહિતી ભરાવીને **તા.૩૧/૭/૨૦૧૮** સુધીમાં પરીક્ષા વિભાગ, યુનિવર્સિટી કાર્યાલયને અચૂક મળી જાય તે પ્રમાણે મોકલી આપવા યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ તેમજ સંલગ્ન કોલેજોના તમામ આચાર્યશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

ભરેલ માહિતીના ફોર્મ, યુનિવર્સિટીને મોકલતાં પહેલાં નીચેની સુચનાઓ વંચાણે લેવા અને તેનો ચુસ્ત અમલ થાય તે જોવા વિનંતી છે.

૧). સ્નાતક અને અનુસ્નાતક કક્ષા માટે અધ્યાપકોએ અલગ અલગ માહિતી ફોર્મ ભરવાનાં રહેશે. તેમજ તેમાં માગેલ માહિતી સંપૂર્ણ પણે ભરવાની રહેશે.

૨). અધ્યાપકોએ માહિતી ફોર્મમાં તેમના **ટેલીફોન / મોબાઈલ નંબર ઉપરાંત ઈ–મેઈલ એડ્રેસ** અવશ્ય દર્શાવવાનાં રહેશે. હવે પછી દરેક અધ્યાપકોને ઈ–મેઈલથી નિમણુંક પત્રો મોકલવાનું વિચારણા હેઠળ હોઈ આ માહિતી અચૂકપણે ભરવાની રહેશે.

૩). ઓર્ડિનન્સ–૧૬૧ ની જોગવાઈ અનુસાર, યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગો, સંલગ્ન કોલેજો તથા માન્ય સંસ્થાના માન્યતા ધરાવતા તમામ અધ્યાપકોએ યુનિવર્સિટી તથા કોલેજ દ્વારા લેવામાં આવતી પરીક્ષાલક્ષી પ્રશ્નપત્ર સેટીંગ, મૂલ્યાંકન, સુપરવીઝન, ઓબ્ઝર્વેશન (નિરીક્ષણ) વિ. કામગીરી ફરજીયાતપણે કરવાની રહે છે. આ કામગીરીનો અસ્વીકાર / અનાદર કરનાર અધ્યાપક વિરુધ્ધ નિયમાનુસાર ઘટતી કાર્યવાહી થઈ શકે છે, જેની સુચના આ કાર્યાલયના તા.૧૭/૪/૨૦૧૪ ના પરિપત્ર ક્રમાંક : ૬૦ / ૨૦૧૪ અન્વયે તમામ સંબંધિતોને પરિપત્રીત કરવામાં આવેલ છે. આપની સંસ્થાના માન્યતાપાત્ર તમામ અધ્યાપકો દ્વારા માહિતી ફોર્મ અવશ્યપણે ભરવામાં આવે તેની ચોકકસાઈ રાખવા વિનંતી છે. માન્યતાપાત્ર અધ્યાપકો પાસે આ ફોર્મ ભરાવીને યુનિવર્સિટીને નિયત સમયમાં મોકલવાની જવાબદારી આચાર્યશ્રીની રહશે. અન્યથા તેને ઓર્ડિનન્સ–૧૬૧નો ભંગ ગણીને ઘટતી કાર્યવાહી કરવામાં આવશે, જેની સર્વે સબંધિતોએ નોંધ લેવા વિનંતી છે.

**(કૃપયા ઉલટાવો)**

૪). વડાશ્રી / આચાર્યશ્રીએ પોતાની સંસ્થાના તમામ અધ્યાપકોનાં માહિતી ફોર્મની ચકાસણી કરીને સ્નાતક અને અનુસ્નાતક કક્ષા પ્રમાણે અલગ અલગ યાદીઓ સાથે માહિતી ફોર્મના બંચ / ફાઈલો તૈયાર કરીને સમયમર્યાદામાં યુનિવર્સિટી કાર્યાલયને અચૂક મળી જાય તે પ્રમાણે મોકલવા વિનંતી છે. સમયમર્યાદા બાદ મળેલ કોઈપણ માહિતી અંગે કોઈ પણ ફરીયાદ સ્વીકાર્ય બનશે નહી.

૫). વધુમાં ખાસ જણાવવાનું કે આપની કોલેજમાંથી નિવૃત થયેલ કે રાજીનામું આપેલ પ્રાધ્યાપકની માહિતી આ સાથેના નિયત નમુનામાં મોકલી આપની રહેશે.

૬). જે અધ્યાપકોએ પ્રાશ્નિકો / પરીક્ષકનું માહિતી ફોર્મ ભરેલ નહી હોય તેમનું નામ ક્રેડીટ ગુણ દર્શાવતી મેરીટ યાદીમાં સામેલ કરવામાં આવશે નહી.

આ પરિપત્રની સુચનાઓ તમામ અધ્યાપકોને તથા સબંધિતોના ધ્યાને લાવવા અને તેનો ચુસ્ત અમલ થાય તે જોવા સર્વે વડાશ્રીઓ / આચાર્યશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

**(મિતુલ એમ. દેલીયા)**
**કા. પરીક્ષા નિયામક**

<u>બિડાણ</u> :–

૧). ક્રેડીટ ગુણ ગણતરી અંગેના ધોરણોની નકલ.
૨). ક્રેડીટ ગુણ અંગેની અધ્યાપકોની માહિતીનું પત્રક.
૩). નિવૃતિ / રાજીનામા અંગેની માહિતીનો નમુનો.

જાવક ક્રમાંક : રી.સે./પરીક્ષા/૭૯૮/૨૦૧૮
હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી રોડ,
પાટણ–૩૮૪ ૨૬૫ (ઉ.ગુ.)
તા.૧૬–૭ –૨૦૧૮

**પ્રતિ,**

૧. યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગોના તમામ વડાશ્રીઓ
૨. યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ

<u>નકલ સાદર રવાના</u> :–

૧. માન. કુલપતિશ્રી, હેમ.ઉ.ગુ.યુનિ. તરફ જાણ સારું.
૨. માન. ઉપકુલપતિશ્રી, હેમ.ઉ.ગુ.યુનિ. તરફ જાણ સારું.
૩. કા.કુલસચિવશ્રી, હેમ.ઉ.ગુ.યુનિ. તરફ જાણ સારું.
૪. શાખાધ્યક્ષ, ખાનગી શાખા, પરીક્ષા વિભાગ તરફ
૫. સીસ્ટમ એનાલીસ્ટશ્રી, હેમ.ઉ.ગુ.યુનિ. તરફ જાણ તથા વેબસાઈટ પર મુકવા સારૂ.

## <u>હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ</u>

## <u>સને ૨૦૧૧-૧૨ અને ત્યાર પછીની પરીક્ષાઓ માટે શિક્ષકોના ક્રેડિટ ગુણાંક ગણવા માટેના ધોરણો:</u>

વિજ્ઞાન,વાણિજ્ય,વિનયન,શિક્ષણ,મેનેજમેન્ટ અને કાયદા વિદ્યાશાખાઓના માન્યતા પ્રાપ્ત શિક્ષકોના ગુણાંક ધોરણ:

૧. <u>શૈક્ષણિક લાયકાત:</u>

| <u>ડીગ્રી</u> | <u>પાસ ક્લાસ</u> | <u>સેકન્ડ ક્લાસ</u> | <u>ફર્સ્ટ ક્લાસ</u> | <u>ક્લાસની જોગવાઈ ના હોય ત્યાં</u> |
|---|---|---|---|---|
| સ્નાતક | ૧ | ૨ | ૩ | — |
| અનુસ્નાતક | ૧ | ૨ | ૩ | — |
| એમ.ફીલ | — | — | — | ૨ |
| પી.એચ.ડી. | — | — | — | ૪ |
| ડી.લીટ/એલએલડી/ડી.એસસી. | — | — | — | ૫ |
| સી.એ./ આઈ.સી.ડબલ્યુ એ./સી.એસ. | — | — | — | ૩ |

**• પ્રાશ્નિક/પરીક્ષકની પેનલમાં નિમણૂંક માટે કોઈ પણ વ્યક્તિ શિક્ષક તરીકે નિમણૂંક પામેલ હોવી જોઈએ. અને યુનિ.ની માન્યતા પ્રાપ્ત કરેલ હોવી જોઈએ / શિક્ષક તરીકેની નિમણૂંક <u>૦.૭૨</u> મુજબ વરણી સમિતિમાં થયેલ હોવી જોઈએ.**

### <u>સ્નાતક કક્ષા માટે ક્રેડિટ ગુણાંક ની ગણતરી</u>

૧. સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રત્યેક શૈક્ષણિક વર્ષના અનુભવ માટે <u>એક</u> ગુણાંક આપવો.

૨. અધ્યાપકે જો નેટ/સ્લેટ પરીક્ષા જે તે વિષયમાં પાસ કરેલ હોય તો તેને તે વિષયના પરીક્ષક માટે તેને વધારાના <u>ત્રણ</u> ગુણાંક આપવા.

૩. કોઈ અધ્યાપકે મેળવેલ સ્નાતક, અનુસ્નાતક કે પીએચ.ડી. પદવીનાં ગુણાંક ઉપર પ્રમાણે ગણવા.બીજી વખત મેળવેલ સ્નાતક,અનુસ્નાતક અથવા પી.એચ.ડી. કે એલ.એલ.બી. ડિગ્રી ને ધ્યાન માં લેવી નહી.

૪. માન્ય અનુસ્નાતક શિક્ષક /સહકનીસ શિક્ષક ને તેને માન્યતા મળે તે પછીના પ્રત્યેક પુરા સત્રદીઠ અનુસ્નાતક કક્ષાએ શિક્ષણકાર્ય કર્યું હોય અને ઓછામાં ઓછા <u>દસ</u> વ્યાખ્યાન લીધા હોય અને તે મતલબનું અનુ.કેન્દ્રના પ્રોફેસર ઈન્ચાર્જ/ કો. ઓર્ડિનેટર/અનુસ્નાતક ભવનના અધ્યક્ષ નું પ્રમાણપત્ર રજૂ કરેલ હોય તેને પુરા વર્ષદીઠ <u>'એક'</u> ગુણાંક આપવો, વધુમાં વધુ <u>પાંચ</u> ગુણાંકની મર્યાદામાં ગુણાંક આપવા.

૫. અધ્યાપકે પીએચ.ડી. પદવી જે વિષયમાં પ્રાપ્ત કરી હોય તે વિષય માટે જ પરીક્ષક થવા માટે તેને પીએચ.ડી. પદવી માટેના <u>ચાર</u> ગુણાંક આપવા.

૬. સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ ચલાવતી સંસ્થામાં ફરજ બજાવતા જો કોઈ શિક્ષક પીએચ.ડી. ગાઈડ તરીકે માન્ય થયેલ હોય અને વિદ્યાર્થીનો મહાનિબંધ તેમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે સ્વીકૃત થયો હોય તેવા પ્રત્યેક વિદ્યાર્થી દીઠ <u>એક</u> ગુણ આપવો અને વધુમાં વધુ <u>દસ</u> ગુણાંક આપવા.

૭. સી.એ.,આઈ.સી.ડબલ્યુ.એ અને કંપની સેક્રેટરી ની પદવી ધરાવનાર શિક્ષકને ઉપર <u>'એક'</u> માં જણાવ્યા પ્રમાણે <u>ત્રણ</u> ગુણાંક આપવા તદ ઉપરાંત તેમને ત્રણ કે વધુ વર્ષનો વ્યવસાયીક અનુભવ હોય અને શિક્ષણકાર્ય ધરાવતાં હોય તો જ તેઓએ જેટલા સમય માટે શિક્ષણકાર્ય કરેલ હોય તે અનુભવને ધ્યાનમાં રાખી ગુણાંક આપવા અને તે માટે વધુમાં વધુ <u>બે</u> ગુણાંક આપવા.

૮. ઉપર જણાવેલ સી.એ,આઈ.સી.ડબલ્યુ.એ કે કંપની સેક્રેટરીની પદવી ધરાવનાર શિક્ષક જો તેઓ એમ.કોમ./ એમ.બી.એ. ની પદવી ધરાવતા હોય તો તેમને <u>'એક'</u> માં જણાવ્યા મુજબ માસ્ટર ડિગ્રીના પણ ગુણાંક આપવા.

૯. ડોક્ટરેટ ડિગ્રી મેળવ્યા પછી જો કોઈ વ્યક્તિએ રીસર્ચ ફેલો તરીકે (રીસર્ચ એસોસીએટ અથવા પોસ્ટ ડોક્ટરલ ફેલો તરીકે) શિક્ષણ કાર્ય કર્યું હોય તો જે સમય માટે આ કામ કર્યું હોય તે સમયનો તેમનો શિક્ષણનો અનુભવ ગ્રાહ્ય ગણીને એ અનુભવના પ્રત્યેક વર્ષદીઠ <u>અડધો</u> ગુણાંક આપવો અને વધુમાં વધુ <u>ત્રણ</u> ગુણાંક આપવા.

૧૦. ડોક્ટરેટ પદવી મેળવ્યા પછી જો કોઈ શિક્ષકે ડી.લીટ./ડી.એસસી/એલએલડી. અથવા તેની સમકક્ષ કોઈપણ ડિગ્રી પ્રાપ્ત કરી હોય તો તેને <u>પાંચ</u> ગુણાંક આપવા.

૧૧. જો કોઈ શિક્ષકને પરીક્ષાના કામકાજમાં ગેરરીતી અજમાવવાના કારણે એક કે વધુ વર્ષ માટે પરીક્ષાના કોઈપણ કાર્ય માટે અપાત્ર ગણવામાં આવેલ હોય તો જેટલા વર્ષ માટે તેમને અપાત્ર ગણવામાં આવ્યા હોય તેટલા આંકડાને <u>બે</u> વડે ગુણીને જે રકમ આવે તેટલા ગુણાંક તે શિક્ષકના કુલ ક્રેડિટ ગુણાંકમાંથી બાદ કરવા.

૧૨. જો કોઈ શિક્ષકને પરીક્ષાના કામકાજમાં ગેરરીતી અજમાવવાના કારણે એક કે વધુ વર્ષ માટે પરીક્ષક ની નિમણૂંક માટે અપાત્ર ગણવામાં આવેલ હોય તો તેવા શિક્ષકને પ્રાશ્નિક તરીકે નીમવા નહી.

૧૩. શિક્ષણ વિદ્યાશાખાના અધ્યાપકે જો બી.એડ.ની પદવી પ્રાપ્ત કર્યા પછી માધ્યમિક શાળામાં શિક્ષણકાર્ય કર્યું હોય તો તે શૈક્ષણિક અનુભવને ધ્યાનમાં લઈ પ્રત્યેક વર્ષના અનુભવ માટે એક ગુણાંક અને વધુમાં વધુ પાંચ ગુણાંકની મર્યાદામાં ફકત બી.એડ.ની પરીક્ષામાં પરીક્ષક તરીકેની નિમણૂંક માટે આપવા.

નોંધ: ૧. સંખ્યાધિક શિક્ષકનો અનુભવ ધ્યાનમાં લેવો.
૨. શૈક્ષણિક વર્ષના પહેલા સત્રમાં જોડાયા હોય તે શિક્ષકોને તે વર્ષનો ક્રેડિટ ગુણ આપવો.

## અનુસ્નાતક કક્ષા માટે ક્રેડિટ ગુણાંકની ગણતરી

૧. યુનિવર્સિટી ભવનમાં ફરજ બજાવતા પ્રોફેસર/રીડર તેમજ અનુસ્નાતક કેન્દ્ર કાર્યરત હોય તે કોલેજના આચાર્ય જો તે વિષયનું અનુસ્નાતક શિક્ષણકાર્ય કરાવતાં હોય તો જ તેમને તેમના ક્રેડિટ ગુણને ધ્યાનમાં લીધા સિવાય પ્રાશ્નિક/પરીક્ષકની પેનલમાં નિમણૂંક માટે માન્ય ગણવા.

૨. યુનિવર્સિટી ભવનો તેમજ અનુસ્નાતક અભ્યાસક્રમ ચલાવતી સંસ્થામાં ફરજ બજાવતા પૂર્ણ સમયના અધ્યાપકોને પ્રત્યેક વર્ષના શૈક્ષણિક અનુભવ માટે એક ગુણાંક આપવો.

૩. યુનિવર્સિટી ભવનોમાં ફરજ બજાવતા અધ્યાપકોને ભૂતકાળમાં અનુસ્નાતક કેન્દ્ર ચલાવતી સંસ્થામાં અનુસ્નાતક કક્ષાના શૈક્ષણિક અનુભવ માટે પ્રત્યેક વર્ષદીઠ એક ગુણાંક આપવો.

૪. યુનિવર્સિટીના ભવનોમાં કે કોલેજમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રમાં જે અધ્યાપક સત્ર દીઠ ઓછામાં ઓછા દસ વ્યાખ્યાનનું શૈક્ષણિક કાર્ય કર્યું હોય અને તે મતલબનું કોલેજના પ્રો.ઈન્ચાર્જ/આચાર્યનું પ્રમાણપત્ર રજૂ કરેલ હોય તો તેને પ્રત્યેક વર્ષ માટે એક ગુણાંક વધારાનો આપવો.

૫. પી.એચ.ડી.ડિગ્રીના માન્યતા પ્રાપ્ત માર્ગદર્શક હોય અને તેના માર્ગદર્શન માં કોઈ વિદ્યાર્થીને મહાનિબંધ યુનિવર્સિટી દ્વારા પી.એચ.ડી.ડિગ્રી માટે સ્વીકૃત થયો હોય તેવા પ્રત્યેક વિદ્યાર્થી દીઠ એક ગુણાંક આપવો અને વધુ માં વધુ પંદર ગુણાંક આપવા.

૬. યુનિવર્સિટી ભવન ખાતે ફરજ બજાવતા શિક્ષકો દ્વારા અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમના ભાગરૂપે સ્વીકૃત થયેલ પ્રોજેક્ટ વર્ક/ડિઝર્ટેશન થીસીસ માટેની વાયવા પરીક્ષામાં વિદ્યાર્થી પાસ થાય તો તેવા પ્રત્યેક વિદ્યાર્થી દીઠ અડધો ગુણાંક આપવો.આવા વિદ્યાર્થીઓ માટે વધુમાં વધુ દસ ગુણાંક આપવા.

૭. સી.એ., આઈ.સી.ડબલ્યુ.એ. અને કંપની સેક્રેટરી ની પદવી ધરાવનાર શિક્ષકને ઉપર '૧' માં જણાવ્યા પ્રમાણે ત્રણ ગુણાંક આપવા તદઉપરાંત તેઓ વ્યાવસાયિક અનુભવ ધરાવતા હોય અને ત્રણ કે તેથી વધારે વર્ષનો વ્યાવસાયિક કાર્યાનુભવ હોય અને તેઓ જેટલા સમય માટે શિક્ષણકાર્ય કરે તેટલા સમય ના ગુણાંક માટે ધ્યાને લેવા વધુમાં વધુ બે ગુણાંક આપવા.

૮. ઉપર જણાવેલ સી.એ,આઈ.સી.ડબલ્યુ.એ કે કંપની સેક્રેટરી પદવી ધરાવનાર શિક્ષક જો એમ.કોમ./ એમ.બી.એ.ની પદવી ધરાવતા હોય તો તેમને ઉપર '૧' માં જણાવ્યા પ્રમાણે અનુસ્નાતક ડિગ્રીના પણ ગુણાંક આપવા.

૯. ડોક્ટરેટ પદવી મેળવ્યા પછી જો કોઈ અધ્યાપકે રીસર્ચ ફેલો તરીકે (રીસર્ચ એસોસીએટ /પોસ્ટ ડોક્ટરલ ફેલો) તરીકે શિક્ષણકાર્ય કર્યું હોય તો જે સમય માટે આ કામ કર્યું હોય તે સમયનો તેમનો શિક્ષણનો અનુભવ પ્રાપ્ય ગણીને તે અનુભવના પ્રત્યેક વર્ષદીઠ અડધો ગુણાંક અને વધુમાં વધુ ત્રણ ગુણાંક આપવા.

૧૦. ડોક્ટરેટ ડિગ્રી મેળવ્યા પછી જો કોઈ શિક્ષકે ડી.લીટ./ડી.એસસી/એલએલડી.અથવા તેની સમકક્ષ ડિગ્રી પ્રાપ્ત કરી હોય તો તેમને ઉપર '૧' માં જણાવ્યા પાંચ ગુણાંક આપવા.

૧૧. જો કોઈ શિક્ષકને પરીક્ષાના કામકાજમાં ગેરરીતી અજમાવવાના કારણે એક કે વધુ વર્ષ માટે પરીક્ષાના કોઈપણ કાર્ય માટે અપાત્ર ગણવામાં આવેલ હોય તો જેટલા વર્ષ માટે તેમને અપાત્ર ગણવામાં આવ્યા હોય તેટલા આંકડાને બે વડે ગુણીને જે રકમ આવે તેટલા ગુણાંક તે શિક્ષકના કુલ ક્રેડિટમાંથી બાદ કરવા.

૧૨. જો કોઈ શિક્ષકને પરીક્ષાના કામકાજમાં ગેરરીતી અજમાવવાના કારણે એક કે વધુ વર્ષ માટે પરીક્ષકની નિમણૂંક માટે અપાત્ર ગણવામાં આવેલ હોય તો તેવા શિક્ષકને પ્રાશ્નિક તરીકે નીમવા નહી.

નોંધ: ૧. સંખ્યાધિક શિક્ષકનો અનુભવ ધ્યાનમાં લેવો.
૨. શૈક્ષણિક વર્ષના પહેલા સત્રમાં જોડાયા હોય તે શિક્ષકોને તે વર્ષનો ક્રેડિટ ગુણ આપવો.

# HEMCHANDRACHARYA
# NORTH GUJARAT UNIVERSITY, PATAN

(Data Collection Form for appointment as a Paper-Setter / Examiner at the University Examination to be held during the current Academic year)
(Separate Form should be filled up for each faculty)

Faculty : __________ Subject : ___________

**[A] General Information :**

Surname Name Father's / Husband's Name

(1) Name ________________________________________

(2) Designation ________________________________________

(3) Name of Institution ________________________________________

(4) Address of Institution ________________________________________

________________________________________

Pin Code : ________________________________________

(5) Residential Address ________________________________________

________________________________________

Pin Code : ________________________________________

(6) Phone No

Office ( ) ( )

Residence ( ) ( )

(with code no)

(7) Cast (SC/ST/OBC/General) ___________________

(8) Sex (Male/Female) ___________________

(9) Birth Date ___________________

**[B] Academic Information :**

| Degree | University | Year | Subject | Class |
|---|---|---|---|---|
| Graduate | | | | |
| Post Graduate | | | | |
| M.Phil | | | | |
| Ph.D. | | | | |
| CA / CS / ICWA | | | | |

**[C] Experience :**

(Experience upto 14th June of the year in which the information supplied should be shown)

| | | (Years) |
|---|---|---|
| (1) | Total teaching experience at College and or University Department level | |
| (2) | Total teaching experience at Secondary School level | |
| (3) | Total teaching experience at Secondary School level as a Supernumerary | |
| (4) | Total teaching experience as a Research Fellow after getting Ph.D. degree | |
| (5) | Total teaching experience as an Assistant Post Graduate or Post Graduate teacher | |
| (6) | Total professional experience as a Chartered Accountant | |
| (7) | No, of Students who obtained Ph.D. under your guidance | |

**[D]** (1) Is your close relative going to appear at the University Examination to be held during this academic Year (Yes / No) ___________

| Relative | Class | Relative | Class | Relative | Class | Relative | Class |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |

(**Note** : Close relative means and includes wife, husband, father, mother, brother, sister, son, daughter, son-in law, daughter-in law, grand son, grand daughter, brother-in law, sister-in law)

(2) Are you going to appear at the University Examination to be held during this academic year (Yes/No) __________

**[E]** (1) Mention the period for which you are disqualified for malpractices regarding the examination work and the authority i.e. University / Board that has punished you. Period in Years _________

______________________________________________________________________________

______________________________________________________________________________

______________________________________________________________________________

(2) Is University or Board proceeding with any investigation in the matter of malpractices regarding examination work against you (Yes/No)

**[F] (1) Teaching Experience :**

| Sr. No | Class | Subject | | Paper No | Total Teaching Experience | Are you teaching this subject during current academic year |
|---|---|---|---|---|---|---|
| | | Theory | Practical | | | |
| 1 | | | | | | |
| 2 | | | | | | |
| 3 | | | | | | |
| 4 | | | | | | |
| 5 | | | | | | |
| 6 | | | | | | |
| 7 | | | | | | |
| 8 | | | | | | |
| 9 | | | | | | |
| 10 | | | | | | |
| 11 | | | | | | |
| 12 | | | | | | |

(2) Can you examine answer books written in ?
Gujarati : Yes / No English : Yes / No

**[G]** (1) I hereby declare that the information given above is correct

Place :
Date :

Signature of Teacher

(2) I hereby Certify that the above information is correct according to my knowledge

Place :
Date :

Signature of Principal /Director with Seal

---

**For University Office Use**

Entered by

Checked by

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ– ૩૮૪૨૬૫

## પ્રાશ્નિક / પરીક્ષકની યાદી સુધારવા માટે નીચે પ્રમાણેની માહિતી ભરી મોકલી આપવી.

કોલેજનું નામ :______________________________.

| ક્રમ | નિવૃત થયેલ અધ્યાપકનું નામ | રાજીનામુ આપેલ અધ્યાપકનું નામ | કોલેજ બદલી અન્ય કોલેજમાં ગયેલ અધ્યાપકનું નામ | ખંડ સમયના અધ્યાપકનુ નામ |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |

સ્થળ : .................

તારીખ : .................

સંસ્થાના આચાર્ય / વડાઓ